## ૧૨.૨ જૈન ધર્મનું કેન્દ્ર બિંદુ, પંચપરમેષ્ઠિ અને નવપદજી

### નવપદજી + સિદ્ધચક્રજી

જિનશાસન એટલે નવપદજી. સિદ્ધચક્ર વિના જિનશાસન નથી. જિનશાસન વિના નવપદજી નથી. નવપદજી એટલે ગુણ ગુણીનો અભેદ સમન્વય. નવપદજી એટલે દેવ, ગુરુ, ધર્મ. નવપદજી એટલે સાધ્ય. સાધક, સાધન. નવપદજીમાં બે તત્ત્વ, ત્રણ ગુરુ તત્ત્વ, ચાર ધર્મ તત્ત્વ. નવપદજીમાં પાંચ ધર્મી અને ચાર ધર્મ. નવપદનાં નામો તથા લક્ષણોને સવિસ્તર તપાસીએ. વ્યક્તિને શાસન પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બને, પરમાત્મા પ્રત્યેની પ્રીતિ જામે તો જ માનવી પોતાના માનવ જીવનનાં મૂલ્યાંકન કરી શકે. તે માટે નવપદજીની સમજ, જ્ઞાન, આરાધના, સાધના, ઉપાસના જીવનમાં જરૂરી છે.

૧. અરિહંત પદ ઃ પ્રથમ પદ, પ્રચંડ-પ્રબળ પૂણ્યનાં સ્વામી. રામદ્વેષ અને મોહને જડમૂળથી નાશ કરનાર. અનંત ગુણોનું સ્વામીત્વ એમની પાસે. લોકોત્તર શાસનનાં શિરતાજ. અરિહંત પદની આરાધના કરનાર સાધક સૌથી પ્રથમ પોતાની સંસારની રઝળપાટનાં કારણે અનંત વ્યથા જો અનુભવે તો પરમાત્મા પ્રત્યે અનંત શ્રદ્ધા પ્રગટાવી શકે અને પછી તેને પામવાનાં તલસાટમાં અનંત પ્રતીક્ષા કરતાં કરતાં ઈયળ ભ્રમર ન્યાયે આત્મા પરમાત્મા બની જાય. માર્ગદર્શક આ અરિહંત ભગવાન બાર ગુણોથી યુક્ત હોય છે. શ્વેતવર્ણથી સુશોભિત છે.

૨. સિદ્ધપદ ઃ જિન શાસને સ્વીકારેલા પંચાસ્તિકાય જગતમાં આત્મ દ્રવ્યને જો પોતાનું સ્વરૂપ પ્રગટાવવું હોય તો સિદ્ધપદની આરાધના સર્વશ્રેષ્ઠ છે. પ્રત્યેક આત્મામાં સિદ્ધત્વ નામનો ગુણ સત્તાગત રહેલો જ છે. સંસારીમાંથી સિદ્ધ બનવાં માટે સૌથી પ્રથમ કષ્ટ સહન કરવું અતિ આવશ્યક છે. કષ્ટ વેઠે છે તે શ્રેષ્ઠ બને છે. કષ્ટ સહન કરનાર દોષોનું વમન કરી ગુણો તરફ ગરન કરે છે. ગુણોનો સંપૂર્ણ આવિર્ભાવ તે જ સિદ્ધ પરમાત્મા, સિદ્ધશીલાનાં સ્વામી. સિદ્ધ પરમાત્મા-અવિનાશી શાશ્વત સ્વરૂપનાં ભોકતા છે. લાલવર્ણથી સુશોભિત આઠ કર્મના નિવારણથી આઠ ગુણોથી યુક્ત છે.

૩. આચાર્યપદ ઃ નદીનાં બે કિનારાનો સમન્વય જો સેતુથી થાય છે. તો દેવતત્વ અને ધર્મતત્વનો સંબંધ ગુરુ વિના કોણ બતાવે ? ગુણવાન ગુરુ ભગવંતો પોતાની પવિત્રતાથી વાતાવરણને પવિત્ર બનાવે છે. પવિત્ર સ્વચ્છ વાતાવરણ વિચારની નિર્મળતા સુંદરતા બક્ષે છે. જે અંતે સ્વયં શુદ્ધ આચારપાલક બનીને જ રહે છે. આચાર્ય ભગવંતો તિર્થંકરોની ગેરહાજરીમાં તિર્થંકરનું કામ કરે છે. માટે 'તિત્થયરો સમા સૂરી' ઉક્તિ ચરિતાર્થ જ છે. ચારિત્રનિષ્ઠ ગુરુ મહારાજ કાંતિ અને ઓજસનાં કારણે સુશોભિત હોવાથી તેમનો વર્ણ પીળો છે. તેમજ ૩૬ ગુણોએ બિરાજમાન છે. પંચાચારનાં પાલક એવા આચાર્ય ભગવંતની ઉપાસના કરવાથી સ્વયં આચાર્ય બની શકાય છે.

૪. ઉપાધ્યાય પદ ઃ ગુરૂતત્વના કેન્દ્ર સ્થાને રહેલા ઉપાધ્યાય ભગવંતો જીનશાસનનાં યુવરાજ છે. જ્ઞાનગુણનાં વિકાસ કાજે જહેમત ઉઠાવતા અને વિવેકને પમાડવા માટે ઉપાસકોને ઉપાધ્યાય યુવરાજો વાત્સલ્યતાથી ભરપૂર  હોવાથી જ્ઞાનનો વિનિયોગ ખૂબ સુંદર કરી શકે છે. વિનિયોગનું ફળ વિવેક જ હોઈ શકે. જીવનની મજા માણવા માટે વિવેક બીજ છે તો જ્ઞાન ફળ છે. વિનય-વિવેક વિનાનું જ્ઞાન ભારરૂપ શાપરૂપ છે. માટે વિવેક-વિનિયોગ-વાત્સલ્યનાં ત્રિવેણી સંગમથી સભર લીલારંગથી માનવને લીલાછમ બનાવનાર ૨૫ ગુણોવાળા ઉપાધ્યાય ભગવંતોને અમારા કોટી કોટી વંદન હો.

૫. સાધુપદ ઃ પંચ પરમેષ્ઠિમાં પ્રવેશ પામનારા જો સાધુ ભગવંતો નથી. સાધુપદ નથી તો શાસન નથી. જયાં શાસન નથી. જયાં શાસન ત્યાં સાધુ. જયાં સાધુ ત્યાં શાસન. સાધુપદની આરાધના-સાધના કરી સહાયગુણતી પ્રાપ્તિ કરવી છે. સરળ હોય તે સાધુ. સહાય કરે તે સાધુ. સંયમ જીવનની સાર્થકતા સદ્નિમિત્તોનાં આહાર, કુસંસ્કારોનાં નિહાર, અને શુભ અધ્યવસાયના વિહારમાં છે. સહાયકર્તા, અપ્રમત્તભાવે વર્તતા, માન-અપમાન સમ ગણતા. ઈન્દ્રિયોનું દમન કરનારા. દસ પ્રકારનાં યતિધર્મનું પાલન કરનારા. જયણાએ જીવનારા. અષ્ટ પ્રવચન માતાને ધરનારા સાધુ-ભગવંતો તો અમારા હૈયામાં પ્રવેશ થાય બસ આ જ આરાધના-સાધના-ઉપાસના. સત્તાવીશ ગુણોએ બિરાજમાન સાધુ મહારાજાન્ઓ ઉપસર્ગ પરિષહને સહન કરી દેહની મમતા અને શુશ્રુષાનો ત્યાગ કર્યો હોવાથી  શ્યામ કાંતિવાળા છે. આત્મા શરીરનાં ભેદ જ્ઞાનને અનુભવ જ્ઞાન બનાવે છે.

૬. દર્શનપદ ઃ અનંત સંસાર પરિભ્રમણમાં નિબિડ રાગદ્વેષની ગ્રંથિ તૂટે ત્યારે દર્શનની સ્પર્શના થાય. સમ્યકત્વની સ્પર્શના વેળા ક્યારેય ન અનુભવ્યો હોય તેવો આનંદ અનુભવે. દર્શન વિના જ્ઞાન પ્રમાણ બનતું નથી. ચારિત્રવૃક્ષ ફળતું નથી. તેમજ મોક્ષસુખ મળતું નથી. જેમ એકડાં વિનાના મીંડાની કોઈ જ કિંમત નથી. તેમ સમ્યકત્વ (દર્શન) વિનાની આરાધનાની કિંમત ફૂટી કોડીની છે. જિનેશ્વરોનાં વચનો પ્રત્યે શંકાએ સમ્યકદર્શનનું દૂષણ છે. તો જિનવચનોનાં ઉપાસકોની નિંદા એ સમ્યકત્વનું પ્રદૂષણ છે. તો વ્યક્તિમાં રહેલા રાઈ જેવડા નાના ગુણોની પણ વારંવાર સ્તવના વખાણ તે છે. ભૂષણ-મોક્ષમાં જવાનું લાયસન્સ મેળવવું જ હોય તો સ્વદોષ દર્શન પર ગુણદર્શન રૂપ સમ્યકત્વની પૂર્વ ભૂમિકા બીજને આ જન્મમાં વાવી લેવું જ પડશે. જે સમ્યકત્વ-શ્રદ્ધારૂપ વડલો બનીને રહેશે. જે ૬૭ ભેદે યુક્ત શ્વેતગુણે સુશોભિત સમ્યકત્વની પ્રાપ્તિ થાઓ. આ છે મારી તીવ્રતમ ઈચ્છા.

૭. જ્ઞાનપદ ઃ કેવળજ્ઞાનનાં માલિક આત્મામાં જયારે વિવેક જાગે છે. ત્યારે જ્ઞાનમાં પડેલ મોહનાં વિકારો નાશ પામે છે. આ વિવેક પામવા-લાવવા સમ્યક સમજણની તાતી જરૂર છે. સમ્યકજ્ઞાન આત્મામાં પાત્રતા વિકસાવે છે. પાત્રતા જેની વિકસી તેવા જ્ઞાની બનેલા ખૂની ચિલાતી પુત્ર મુનિ બની શક્યા. પાત્રતાનાં વાિસ સાથે ચિત્તની પ્રસન્નતા ટકાવી રાખવાનું કામ સમ્યકજ્ઞાનથી થાય છે. જો સમ્યકજ્ઞાન કારણ છે તો કાર્ય-પરિણામ. જીવમાત્ર પ્રત્યે પ્રેમ-વાત્સલ્ય, મૈત્રી જો જીવો પ્રત્યે દ્વેષ અણગમો-કઠોરતા, અપ્રીતિ, અવગણના, તિરસ્કાર છે તો તે મિથ્યા જ્ઞાનની નિપજ માનવી જ રહી. મૂળ પાંચ અને ઉત્તર એકાવન ભેદે પરિપૂર્ણ શ્વેતવર્ણે દેદીપ્યમાન જ્ઞાનપદને નિત્ય નિત્ય વંદન.

૮. ચારિત્રપદ ઃ ચારિત્ર એટલે બાહ્ય પૌદ્ગલિક પદાર્થો વિના પણ અનંત સુખની અનુભૂતિ, નિજ સ્વભાવે રમવું. શુભ લેશ્યાથી અલંકરેલો આત્મા મોહરૂપી વનમાં ભમતો નથી. ચારિત્ર સંસારનાં પરિભ્રમણ પર પૂર્ણવિરામ મૂકે છે. સર્વપ્રથમ સર્વ સાવદ્યનાં વિરમણરૂપ ચારિત્ર. સર્વ પાપથી મુક્તજીવન. પાપમુક્ત રહેવાની જહેમત પછી ધર્મયુક્ત બની જવાની તલપ. ચારિત્રને પામ્યા પછી ચારિત્રને ચાખવા. રસાસ્વાદ માણવા સૌથી પ્રથમ સુખમાં સાવધાની અતિ જરૂરી છે. તો દુઃખમાં સમાધાન કરવાની વૃત્તિ તમને ચારિત્ર્યવાન બનાવે છે. ચારિત્રવંત ચેતનો ધર્મમાં પ્રણિધાન પામી શાશ્વત સુખનાં સ્વામી બની

જાય છે. સિત્તેર ભેદે તથા શ્વેત વર્ણવાળા ચારિત્રપદને ત્રિકરણ યોગે ભજીયે. જેથી સ્વરૂપ સુખનાં સ્વામી શીઘ્રાતીશીઘ્ર બની શકાય.

૯. તપપદ ઃ તપ એ સાધના જીવનનો પ્રાણ છે. તપ એ સૂર્ય છે. કર્મ અંધકારને દૂર કરે છે. કર્મમળને શોષવે છે. શાસ્ત્રોમાં તપની વ્યાખ્યા કરતાં લખે છે કે ‘ઈચ્છા નિરોધઃ તપઃ’ ઈચ્છાનો નિરોધ, અપેક્ષાનો અભાવ એટલે તપ. ઈચ્છાનિરોધ પૂર્વકનો તપ જો કારણ છે તો પરિણામમાં સમતાને જવાબ છે. સમ્યકતપની ફળશ્રુતિ વિકારોની શાંતિ. વિકારોનાં વિનાશે વૈરાગ્યની પુષ્ટિ. હવે વિરાગીને વીતરાગી બનવા માટે વિચાર શુદ્ધિરૂપ અભ્યંતર તપ. બાહ્ય તપ જો દ્રવ્યતપ છે તો અભ્યંતર તપ તે ભાવ છે. નિકાચીત કર્મોનો નાશ તો માત્ર તપ પદની આરાધનાથી જ થાય. સભ્યકતપ આહારીને અણાહારી બનાવે. અનાદિ અનંત સંસારના બીજરૂપ શરીરનાં પોષણકાજેની આહાર સંજ્ઞાનાં ઉચ્છેદ કરી ઘરમાં વાસ કરાવે. શાશ્વત સુખનો ભોકતા બનાવે. અખંડ આનંદના સાગરમાં શુદ્ધાત્મા વિહરે. પચાસ ગુણોથી યુક્ત શ્વેતવર્ણવાળા એવા તપપદને અમારા નિત નિત નમસ્કાર.

સંસારના બીજરૂપ શરીરનાં પોષણકાજની આહાર સંજ્ઞાનો ઉચ્છેદ કરી ઘરમાં વાસ કરાવે. શાશ્વત સુખનો ભોકતા બનાવે. અખંડ આનંદના સાગરમાં શુદ્ધાત્મા વિહારે. પચાસ ગુણોથી યુક્ત શ્વેતવર્ણવાળા એવા તપપદને અમારા નિતનિત નમસ્કાર.

ઈમ નવપદ ધ્યાવે, પરમાનંદ પાવે,

નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પામે,

જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,

સવિ દૂરિત શમાવે, વિશ્વ જયકાર પાવે ાા

આ નવ પદની આરાધના કરો એટલે સમગ્ર જિન શાસનની આરાધના કરી ગણાય. ધ્યાનમાં એટલું જ રાખવાનું કે મૂર્િતપૂજા કે દ્રવ્ય આરાધના આપણા વિચાર, વાણી અને વર્તનમાં બદલાવ લાવવા માટે છે.

જેની આરાધના કરવા માટે સ્વભાવ સુધરવો જોઈએ. પોઝિટીવ થવું જોઈએ, મન હળવું અને નિર્મળ બનવું જોઈએ. તો જ આરાધનાનો સાચો લાભ ઉઠાવ્યો ગણાય.